પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૦૩ ૧૩ જાન્યુઆરી, ૨૦૧૮, શનિવાર ; પોષ વદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ન્યાયતંત્રની સ્વતંત્રતા સામે ખતરો

**સુપ્રીમનું તંત્ર યોગ્ય રીતે કામો ન કરી રહ્યું હોવાના આરોપો : સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પ્રથમ વખત ચાર જજ મિડિયા સામે : સુપ્રીમ કોર્ટના ચાર જજોએ મામલાઓની ફાળવણી સહિત મુદ્દે ચીફ જસ્ટિસ દિપક મિશ્રા પર અનેક પ્રશ્નો ઉઠાવ્યા : દેશના કાયદાકીય વર્તુળોમાં ખળભળાટ**

નવીદિલ્હી,તા. ૧૨

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત સુપ્રીમ કોર્ટના ચાર જજે આજે મિડિયાની સામે આવીને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ દિપક મિશ્રાની વહીવટી કાર્ય કુશળતા અને કાર્યશૈલી ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા. અભૂતપૂર્વ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટના ચાર જજે પત્રકાર પરિષદ યોજી હતી અને દેશના કાયદાકીય સમુદાયમાં ખળભળાટ મચાવી દીધો હતો. પત્રકાર પરિષદ બાદ ચારેય જજ દ્વારા એક પત્ર જારી કરવામાં આવ્યો હતો જેમાં ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ જજોના કહેવા મુજબ તેઓએ પત્ર ચીફ જસ્ટિસને લખ્યો હતો. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને સંબોધીને સાત પાનાના પત્રમાં જજોએ કેટલાક મામલામાં એસાઈન્ટમેન્ટને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. જજોના આક્ષેપ છે કે, ચીફ જસ્ટિસ તરફથી કેટલાક મામલોઓને પસંદગી બેંચ

● અનુસંધાન પાન-૭ પર



## સીજેઆઈ પર ચાર જજના આરોપથી સરકાર હચમચી

**જજોના આરોપ અને પત્ર બાદ મોદીની કાયદામંત્રી સાથે ચર્ચા : સુપ્રીમ કોર્ટનો આંતરિક મામલો છે અને સરકાર કોઇ પક્ષ તરીકે નહીં હોવાનું સરકારનું વલણ**




નવીદિલ્હી,તા. ૧૨

સુપ્રીમ કોર્ટના ચાર જજ તરફથી પત્રકાર પરિષદ યોજીને ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા પર ગંભીરપ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા બાદ આને લઈને ભારે હોબાળો થઈ ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર પણ હચમચી ઉઠી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના આ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યાયતંત્ર માટે કાળો દિવસ : ઉજ્જવલ નિકમ

**આ પ્રકારના વિવાદથી દરેક સામાન્ય વ્યક્તિ શંકા સાથે તમામ ન્યાયિક ચુકાદાને જોઇ શકે છે : નિકમની પ્રતિક્રિયા**



નવીદિલ્હી,તા. ૧૨

સુપ્રીમ કોર્ટના ચાર જજ દ્વારા પત્રકાર પરિષદ યોજીને ચીફ જસ્ટિસ સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા બાદ ખળભળાટ મચી ગયો છે. ચીફ જસ્ટિસની કાર્યશૈલી સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા બાદ ન્યાયતંત્રના વરિષ્ઠ લોકોએ આ અંગે પોતપોતાની પ્રતિક્રિયા આપી છે. વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમે કહ્યું છે કે, અમારા ન્યાયતંત્ર માટે આ કાળા દિવસ સમાન છે. સુપ્રીમ કોર્ટના જજને તેઓ કોઈ સલાહ આપવા ઈચ્છુક નથી. જો કે, કોઈપણ સમસ્યાને ઉકેલવાના

● અનુસંધાન પાન-૭ પર

## લોકતંત્ર ખતરામાં હોવાનો કોંગ્રેસ પાર્ટીનો અભિપ્રાય

**કોંગ્રેસના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર આક્ષેપ**

નવીદિલ્હી,તા. ૧૨

સુપ્રીમ કોર્ટના ચાર વરિષ્ઠ જજના સીજેઆઈ ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો થયા બાદ કોંગ્રેસ પાર્ટીએ પણ તેની પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસ પાર્ટીએ કહ્યું છે કે, લોકતંત્ર ખતરામાં છે. કોંગ્રેસના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી કરવામાં આવેલા ટ્વિટમાં કહેવામાં આવ્યું છે કે, ચાર જજ દ્વારા સુપ્રીમ કોર્ટમાં વહીવટી અને અનિયમિતતાના આરોપ પર અમે ગંભીર છીએ અને ચિંતિત પણ છીએ.



સ્વતંત્ર ભારતમાં પ્રથમ વખત આ પ્રકારના આરોપો જાહેરમાં મિડિયા સમક્ષ કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના ચાર જજ દ્વારા અનિયમિતતાના આરોપો મુકવામાં આવ્યા હતા. આશરે બે મહિના પહેલા પત્ર લખીને ચાર જજોએ ચીફ જસ્ટિસને અનિયમિતતા તરફ ધ્યાન દોર્યું હતું. સુપ્રીમ કોર્ટના નંબર બેના જજ ગણાતા જસ્ટિસ ચેલેમેશ્વરે મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું છે કે, આ મામલો એક કેસના એસાઈન્ટમેન્ટને લઈને હતો. ચીફ જસ્ટિસને અમે વાત સમજાવી શક્યા ન હતા.

## પ્રધાનમંત્રી મોદી બન્યા ત્રીજા વૈશ્વિક નેતા



ન્યુ દિલ્હી,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ભાગ લે તે પહેલાં જ તેમની લોકપ્રિયતાએ વધુ એક રેકોર્ડ સર્જયો છે. પીએમ મોદીને એક આંતરરાષ્ટ્રીય સર્વેમાં દુનિયાના ટોચના ત્રણ નેતાઓમાં સામેલ કરાયા છા. ગૈલપ ઈન્ટરનેશનલ એ ૫૦ દેશોમાં લોકોને પૂછેલા જુદા-જુદા પ્રશ્નોના આધાર પર પોતાનું વાર્ષિક સર્વેમાં પીએમ મોદીને વિશ્વ નેતાઓના સર્વેમાં ત્રીજા નંબરનું સ્થાન મળ્યું છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૈન્યુઅલ મૈક્રોં પહેલાં અને જર્મનીના ચાંસેલર આંગેલા મર્કેલ ને આ સર્વેમાં બીજું સ્થાન મળ્યું છે. મૈક્રોં ને ૨૧, મર્કેલને ૨૦ અને પીએમ મોદીને ૮ અંક મળ્યા છે. ગૈલપના મતે આ સર્વે માટે ૫૩૭૬૯ લોકોનો સર્વો કરાયો હતો. દરેક દેશમાંથી પ્રતિનિધિત્વ તરીકે લોકો પાસેથી સામ-સામે, ઓનલાઈન કે પછી ફોન દ્વારા સર્વે કરાયો.

## ગુજરાતમાં વિવાદિત પદ્માવત રિલીઝ નહી જ થાય : રૂપાણી

અમદાવાદ,તા.૧૨

સંજય લીલા ભણશાલીની બહુચર્ચિત અને વિવાદીત ફિલ્મ પદ્માવત તા. ૨૫મી જાન્યુઆરીએ રિલીઝ થવાની અટકળો ચાલી રહી છે ત્યારે શ્રી રાજપૂત કરણી સેનાએ ગુજરાત સહિત દેશભરમાં ફિલ્મ રિલીઝ નહી કરવા સાફ ચીમકી આપી છે અને જનતા કરફયુનું એલાન આપ્યું છે. બીજીબાજુ, રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આજે ફરી એકવાર સ્પષ્ટ કર્યું હતું કે, ગુજરાત રાજયમાં વિવાદીત પદ્માવત ફિલ્મ રિલીઝ કરવા દેવામાં નહી આવે. વિધાનસભા ચૂંટણી પહેલાં ગત નવેમ્બર માસમાં રાજય સરકાર દ્વારા આ ફિલ્મની રિલીઝ પર જે પ્રતિબંધ મૂકાયો હતો, તે યથાવત્ રહેશે. પદ્માવત ફિલ્મના રાજપૂત સમાજના ઉગ્ર વિરોધ વચ્ચે ગુજરાત સરકારે તેનું વલણ સ્પષ્ટ કરી દેતાં શ્રી રાજપૂત કરણી સેનાને ગુજરાત પૂરતી બહુ મોટી રાહત મળી છે.

## ગોવા એક્સપ્રેસનું એન્જિન ખડી પડ્યું

મુંબઈ,તા.૧૨

દેશમાં રેલમંત્રી બદલાઈ ગયા છે. પરંતુ રેલવે દુર્ઘટના થંભવાનું નામ નથી લઈ રહી.ત્યારે મહારાષ્ટ્રમાં નિજામુદ્દીન ગોવા એક્સપ્રેસનું એન્જિન પાટા પરથી ખડી પડયું છે.

મહારાષ્ટ્રના અહેમદનગર રેલવે સ્ટેશનથી મનમાડ સ્ટેશન તરફ ૩૦ કિમી દૂર ધારગાવ પાસે એક નાનકડા રેલ બ્રિજનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું..જે પૂર્ણ થયા બાદ ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવી હતી. જોકે નિઝામુદીન ગોવા એક્સપ્રેસ આ નાના બ્રિજ પરથી પસાર થઈ રહી હતી.તે સમયે પાટાનો એક ભાગ તૂટી ગયો હતો.જોકે ટ્રેન ચાલકની સતર્કતાના કારણે ટ્રેનને બ્રેક લગાવી દીધી હતી જેથી મોટી દુર્ઘટના ટળી હતી. તેમ છતા ટ્રેનનું એન્જિન પાટા પરથી નીચે ઉતરી ગયું હતું.જોકે ટ્રેન અટકી જતાં મુસાફરોને ભાર હાલાકીનો સામનો કરવો પડયો હતો.

# ઈસરોની ઐતિહાસિક સિદ્ધિ

**શ્રીહરિકોટા સ્થિત અંતરિક્ષ કેન્દ્રથી એક સાથે ૩૧ ઉપગ્રહો સફળ રીતે લોન્ચ : પીએસએલવી-સી૪૦ કાર્ટોસેટ-૨ સિરિઝના ઉપગ્રહ મિશન માટે ૨૮ કલાક સુધી ઉંડી ગણતરી બાદ સવારે લોંચ : જુદા જુદા દેશોના ઉપગ્રહો પણ લોંચ**

શ્રીહરીકોટા,તા. ૧૨

અંતરિક્ષના ક્ષેત્રમાં વિશ્વમાં ડંકો વગાડનાર અને તમામ રિકોર્ડ



પોતાના નામ પર કરનાર ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ઈસરો)એ આજે નવો ઈતિહાસ સર્જયો હતો. ઈસરોએ ૧૦૦મો ઉપગ્રહ લોંચ કર્યો હતો. ઈસરોએ એક સાથે ૩૧ સેટેલાઈટ લોંચ કર્યા હતા. ચેન્નાઈથી ૧૧૦ કિલોમીટરના અંતરે સ્થિત શ્રીહરિકોટ અંતરિક્ષ કેન્દ્રથી આ તમામ ઉપગ્રહો લોંચ કરવામાં આવ્યા હતા. પીએસએલવી-સી૪૦એ સવારે ૯.૨૮ વાગે ઐતિહાસિક ઉંડાણ ભરી હતી. અંતરિક્ષ કેન્દ્રના પ્રથમ લોંચપેડથી ૪૪.૪ મીટર લાંબા રોકેટે ઉંડાણ ભરી હતી. ઈસરોએ જૂન ૨૦૧૭ સુધી ૨૭૮ સેટેલાઈટ લોંચ કર્યા હતા. ગયા વર્ષે સ્પેશમાં ૧૦૪

સેટેલાઈટ મોકલવાનો રેકોર્ડ પણ સર્જવામાં આવ્યો હતો. પીએસએલવી-સી૩૭ મારફતે આ તમામ ઉપગ્રહો છોડવામાં આવ્યા હતા. ઈસરોની તરફથી પીએસએલવી સી-૪૦ રોકેટ મારફતે લોંચ કરવામાં આવેલા ૩૧ સેટેલાઈટ પૈકી ૨૮ વિદેશી અને ત્રણ સ્વદેશી ઉપગ્રહ છે. વિદેશી સેટેલાઈટની વાત કરવામાં આવે તો કેનેડા, ફિનલેન્ડ, ફ્રાન્સ, દક્ષિણ કોરિયા, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે. પીએસએલવી -સી ૪૦ મારફતે કુલ ૧૩૨૩ કિલોના સેટેલાઈટ લોંચ કરવામાં આવ્યા હતા. જેમાં કાર્ટોસેટ-૨નુ વજન ૭૧૦ કિલોગ્રામ હોવાનુ જાણવા મળ્યુ છે. જ્યારે બાકીના ૩૦ સેટેલાઈટનુ વજન ૬૧૩ કિલો હોવાનુ જાણવા મળ્યુ છે. અગાઉ ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન અથવા તો ઈસરો દ્વારા પીએસએલવી-સી૪૦ કાર્ટોસેટ-૨ સેટેલાઈટ મિશન માટે કાઉન્ટડાઉનની શરૂઆત કરવામાં આવી હતી. ૨૮ કલાક સુધી કાઉન્ટડાઉન ચાલ્યુ હતુ. ગઈકાલે સવારે ૫.૨૯ વાગે કાઉન્ટડાઉનની શરૂઆત થઈ હતી. ઈસરોની વેબસાઈટ ઉપર આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. મિશન રેડિનેસ રિવ્યુ કમિટિ અને લોંચ ઓથોરાઈઝેશન બોર્ડ દ્વારા બુધવારના દિવસે કાઉન્ટડાઉનને

● અનુસંધાન પાન-૭ પર




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

